જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૪/૨૦૧૮ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૭૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૩૧૫ લીટર દેશી દારૂ, ૮૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૧ સ્કૂટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૭૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૭૭૮/૧૮

**કાગડાપીઠ**ઃ અમદાવાદ વિભાગ ડેપો મેનેજર ઈલ્યાસ અબ્દુલરહેમાન શેખ (રહે. સાગર એવન્યુ, અંબર ટાવર પાસે જુહાપુરા સરખેજ રોડ) એ તા.૨૧/૪/૧૮ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે સપ્ટેમ્બર ૨૦૧૫ થી માહે માર્ચ ૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રાકેશભાઈ રાવલ ( હાલ. રાપર ડેપો) (૨) સંજયભાઈ રાવલ કેશીયર (૩) તખતસિહ કે.ડાભી (કેશીયર) (૪) એ.ડી.ડીયા (કેશીયર) (૫) હરેશ એસ.ખત્રી (નોકરી ગાંધીનગર ડેપો) (૬) અશોક ટી.પટેલ (કેશીયર) (૭) રમેશ ઝાલા (કેશીયર) અને (૮) શંકરભાઈ શામળભાઈ પટેલ એ ભેગા મળી અમદાવાદ ડેપો કચેરી એસ.ટી.ગીતામંદીર ખાતે કંડકટરના હિસાબના નાણાં લઈ જે એસ.ટી. નિગમમાં જમા નહી કરાવી કુલ રૂપિયા ૬,૮૮,૦૨૮/- ઉચાપત કરી છે તથા નબળુ સુપરવિઝન દાખવી કોમ્પ્યુટર ડીસી.સી અને મેન્યુઅલ ડીસી.સી હાજર કેશ સાથે સરખામણી નહી કરી નિષ્કાળજી દાખવતાં હિસાબનાં નાંણા સાથે અનિમીતતા આચરેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.દેસાઈ ચલાવે છે.

**ક્રાઇમ બ્રાન્ચ**ઃ રાજેન્દ્રકુમાર ધુળાભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૩) (રહે.શ્રીજી વંદન સોસાયટી અંબિકાનગર પાછળ ગોત્રી રોડ વડોદરા) એ તા.૨૧/૪/૧૮ નારોજ ક્રાઇમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે એપ્રિલ ૨૦૧૫ થી જુલાઇ ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હેમજીભાઇ પટેલ (રહે.પાટણ) એ સચિવાલય ગાંધીનગરમાં ક્લાર્કની સરકારી નોકરી અપાવવાનો ભરોસો આપી રાજેન્દ્રકુમાર પ્રજાપતિ પાસેથી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- મેળવી લઈ નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.દેવમુરારી ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૭૭૯/૧૮**

**સરદારનગરઃ** મીનાબહેન અશોકભાઇ સોની (રહે.આંબાવાડી સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૪/૧૮ કલાક ૧૨/૦૦ થી બપોરના ૪/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૨૮,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**વટવાઃ** ભુમીતભાઇ શરદભાઇ ભટ્ટ (રહે.પ્રસ્ટીઝ બંગ્લોઝ જીવીબા ત્રણ રસ્તા ઘોડાસર વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૪/૧૮ કલાક ૧૨/૨૦ વાગ્યાના સુમારે વટવા રેલ્વે ફાટક સામે અંબિકા ટ્યુબ કમ્પાઉન્ડ સર્જન ઇન્ડ્રીસ્ટ્રીઝ એસ્ટેટમા સ્પાઈક ટ્રાન્સફોર્મર નામની કંપનીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ચીજવસ્તુ અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વાય.ચૌહાણ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૮૦/૧૮**

**શાહીબાગઃ** શાહીબાગ જૂના સરકીટ હાઉસની સામે રેલ્વે ક્વાટર્સ બહાર ફુટપાથ ઉપર રહેતા અને રમકડાનો ધંધો કરતા મહંમદઈદરીશ મહંમદબશીર બાઘબાન (ઉ.વ.૬૮) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૪/૧૮ રાતના ૧૧/૦૦ થી તા.૨૧/૪/૧૮ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન જૂના સરકીટ હાઉસની સામે રેલ્વેક્વાટર્સની બહાર ફુટપાથ ઉપર પથારી નજીક મુકેલ થેલામાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.